૨૯૦

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિનાં

# બોધવચનો.

માવજી દામજી શાહ.

શાહકૃત ગ્રન્થાંક ૩૬ મો.

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિનાં બોધવચનો.

સંગ્રાહક અને પ્રકાશક,

**માવજી દામજી શાહ.**

મુખ્યધર્મશિક્ષક, બાબુ પનાલાલ પૂરનચંદ જૈન હાઈસ્કૂલ, મુંબઈ.

[વિ. સં. ૧૯૯૫] વી. સં. ૨૪૬૫ [ઈ. સ. ૧૯૩૯

પ્રથમાવૃત્તિ.

મૂલ્ય ૦—૨—૦

# પ્રસ્તાવના.

ગૂર્જરીમાતાનાં ચરણે સંખ્યાબદ્ધ ગ્રંથો ભેટ ધરનાર અદ્યાવધિ જૈન સાહિત્યકારો પણ અનેક થઇ ગયા છે, તેમાં શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરિનું સ્થાન કોઇ અનોખુંજ છે.

તેમણે વિવિધ વિષયના સો ઉપરાંત ગ્રંથો રચીને ગૂર્જર સાહિત્યની એકનિષ્ટ પણે સેવા બજાવી છે, એવું પ્રમાણ પત્ર શ્રીમદ્ સંબંધે અનેક સાહિત્યકારોએ આપ્યું છે એટલુંજ નહિ; પણ તેમની સાહિત્ય સેવાની મુક્તકંઠે પ્રશંસા કરીને કદર કરવાનું પણ ચૂક્યા નથી.

શ્રીમદે કવિ, વિચારક અને લેખક તરીકે સમગ્ર જીવન પૂર્ણ કર્યું હોવાથી તેમના સાહિત્યમાંથી આવશ્યક સર્વ વસ્તુ મળી આવે છે તેથી તેમને સુજ્ઞજનોએ Standard Author તરીકે સ્વીકાર્યા છે.

શ્રીમદ્ના પુસ્તકો પૈકી થોડાએકમાંથી આ ૧૦૮ બોધવચનો કંઇપણ ફેરફાર કર્યા વગર તેમની પોતાનીજ ભાષામાં ચૂંટી કાઢવામાં આવ્યા છે. તે આજે તેમની ૧૪ મી જયંતી પ્રસગે ગૂર્જર જનતા સમક્ષ રજુ કરવામાં આવે છે.

આ બોધવચનો જનતાની કલ્યાણ સાધનામાં અમુક અંશે જરૂર ફાળો આપનાર નીવડશે એમ માનું છું.

સં. ૧૯૯૫ જેઠ વદ ૩ ને સોમવાર.

—માવજી દામજી શાહ.

## મુંબઇ શ્રી ગોડિજી મહારાજના ઉપાશ્રયમાં પૂજ્ય પં૦ શ્રી પ્રીતિવિજયજી મહારાજનાં અધ્યક્ષપણાં નીચે સ્વ૦ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિની ૧૪ મી જયંતિ પ્રસંગે ગવાયલું ગાયન.

ભવિ ભાવે દેરાસર આવો—એ રાગ.

(૧)

આજ ગાવો બધા આજ ગાવો એ સૂરિનાં ગુણ ગાવો,
ગુણ ગાઇ જીવન વિકસાવો બધા આજ ગુણ ગાવો.

ઓગણીશે ત્રીશ વર્ષમાં શિવરાત્રે અવતાર;
જિનશાસનને પામીને સફળ કર્યો અવતાર.–આજ ગાવો૦

(૨)

પૂર્વાશ્રમના વંશથી પાટીદાર પ્રસિદ્ધ;
જિન ખેતરને ખેડીને વંશ સફળતા કીધા–આજ ગાવો૦

(૩)

અભણ ભણેલા કૈકને આપે દીધો બોધ;
ભજનપદોના ભાગથી થયા લોક સુખબોધ.–આજ ગાવો૦

(૪)

અધ્યાતમ વિદ્યા તણા પાઠ પઢાવ્યા ખાસ;
તેથી જન હૃદયોમહિં આપ તણો છે વાસ.—આજ ગાવો૦

(૫)

ગુર્જરીનાં ચરણે ધર્યા ગ્રંથો મોંઘા આજ;
ગુર્જર મુખ ઉજ્વલ કર્યું ધન્ય ધન્ય કવિરાજ.—આજ ગાવો૦

(૬)

છેલ્લા શ્વાસ લગી તમે લેખણ ઝાલી હાથ,
ગ્રંથો શત ઉપર રચ્યા ભાનું લીધું સાથ.—આજ ગાવો૦

(૭)

ગાજે છે ગુજરાતને મહા ગુજરાતે આજ;
વાણી આપ તણી અહા ધન્ય ધન્ય સૂરિરાજ.—આજ ગાવો૦

(૮)

જીવન જાણી આપજો શાસન સાટે શીશ;
પ્રભુનાં શાસનમાં થજો આવા કૈક સૂરીશ.—આજ ગાવો૦

મુંબઈ.
સં. ૧૯૮૫ના જેઠ વદ ૩ ને
સોમવાર.

—ભાવજી દામજી શાહ.



# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિનાં બોધવચનો.

(૧) તીર્થયાત્રાથી શો લાભ થાય છે?

તીર્થે જવાથી સંસારની ઉપાધિ ભૂલાય છે, શરીર સુધરે છે અને સંસારના સંકલ્પ—વિકલ્પો પડયા રહે છે.

(૨) તીર્થયાત્રાથી શો લાભ થાય છે?

મહાત્મા પુરૂષોનાં જીવન ચરિત્રોનું વારંવાર સ્મરણ થાય છે, ચાલવાથી શરીર કસાય છે નવીન નવીન સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓનો સમાગમ થવાથી પરસ્પર ગુણોને અદલો બદલો થાય છે.

(૩) તીર્થયાત્રાથી શો લાભ થાય છે?

ચિત્તની સ્થિરતા થાય છે, શરીરનું આરોગ્ય વધે છે અને બાહ્ય તેમજ આંતરિક ફાયદા અનુભવાય છે.

(૪) તીર્થનું સેવન કયારે અને શું ફળ આપે છે?

વિધિ પ્રમાણે જ્ઞાન પૂર્વક કરનારની હૃદય શુદ્ધિ કરે છે.

(૫) તીર્થ યાત્રા શા માટે કરવાની છે?

આત્માભિમુખતા સાધવા માટે.

(૬) તીર્થસ્થાનમાં ક્યાં સુધી રહેવું?

જ્યાં સુધી આત્મસ્થિરતા રહે ત્યાં સુધી.

(૭) ઔષધ ક્યારે અને કોને ફળ આપે છે?

તેની વિધિ પ્રમાણે ભક્ષણ કરનારને.

(૮) ધનનો ક્યાં અને શો ઉપયોગ કરવો?

યથાશક્તિ વિવેક પૂર્વક સાતે ક્ષેત્રમાં વાપરવું.

(૯) હાલના જમાનામાં કઈ તરફ વધુ ધ્યાન આપવું યોગ્ય છે?

જ્ઞાન પ્રચાર તરફ.

(૧૦) હૃદયની શુદ્ધિ થતી કોણ અટકાવે છે?

કલેશ કરવાની વૃત્તિનાં કારણો.

(૧૧) સાત ક્ષેત્ર ક્યાં?

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન, જીર્ણોદ્ધાર અને ચૈત્ય.

(૧૨) વિદ્વાન સાધુઓએ આજે શું તજવું જોઇએ?

ગચ્છ ગચ્છના કદાગ્રહ.

(૧૩) લાખો રજપૂતોને કયા આચાર્યે જૈન બનાવ્યા?

શ્રી રત્નપ્રભસૂરિ મહારાજે.

(૧૪) દોઢ લાખ રજપૂતોને જૈન બનાવનાર કોણ?

શ્રી જિનદત્તસૂરિ મહારાજ.

(૧૫) જૈન ધર્મનો ફેલાવો શી રીતે થાય?

હાલના સાધુઓ વિશાળ દૃષ્ટિ ધરાવતા થવાથી.

(૧૬) જમાનાને અનુસરીને સાધુઓએ શું કરવું જોઇએ?

ભેદ ભાવનો ત્યાગ કરીને જૈન ધર્મનો ફેલાવો કરવા માટે ચાહિમ કરી ઝુકાવવું જોઈએ.

(૧૭) આ જમાનામાં કેવી સાધ્વીઓની જરૂર છે?

ઉત્તમ રીતે કેળવાયલી હોવા સાથે બહાદુર.

(૧૮) જૈન ધર્મનું જ્ઞાન ક્યારથી આપવું જોઇએ?

ખાસ કરીને બાલ્યાવસ્થાથીજ.

(૧૯) જો બાલ્યાવસ્થામાંથીજ જૈન ધર્મનાં તત્ત્વોનું જ્ઞાન આપવામાં ન આવે તો શું પરિણામ આવે?

કેળવાયલો ઘણો ખરો વર્ગ અન્ય ધર્મમિશ્રમંડળોમાં દાખલ થઈ અને જૈન ધર્મ વિમુખ થાય.

(૨૦) જૈન ધર્મનું શિક્ષણ શી રીતે આપવું જોઇએ?

જૈન તત્ત્વજ્ઞાનની સાથે અન્ય ધર્મના તત્ત્વનો મુકાબલો કરાવીને શિક્ષણ આપવાથી જૈન ધર્મ સંબંધી શ્રદ્ધા પરિપૂર્ણપણે થવા પામે છે.

(૨૧) **पढमं नाणं तओ दया** એ વચન કયા સૂત્રમાં કહ્યું છે?

દશવૈકાલિક સૂત્રમાં.

(૨૨) **तित्थं चाउवण्ण संघ** એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને ચતુર્વિધ સંઘ તરીકે કયા સૂત્રમાં કહેલ છે?
ભગવતી સૂત્રમાં.

(૨૩) એકાંત કેવી બુદ્ધિ ધરાવવી નહિ?
જૂનું તેજ સારૂં અને નવું તે નહિ.

(૨૪) સર્વ કાર્યોની સિદ્ધિ શાથી થાય છે?
ઉદ્યમથી.

(૨૫) હાલમાં જૈન રાજાઓ કેમ જોવામાં આવતા નથી?
સાધુઓના પ્રમાદને લીધે.

(૨૬) યાત્રાર્થે નીકળેલાઓએ ચિંતામણિ રત્ન સમાન કયો ગુણ ધારણ કરવો ઘટે?
ભ્રાતૃભાવનો.

(૨૭) શુદ્ધ પ્રેમનું લક્ષણ?
જે પ્રેમ ફક્ત બીજાનાં ભલાં માટે હોય છે અને જેમાં સાંસારિક સુખની ઇચ્છાઓ નથી તે.

(૨૮) કેવા મનુષ્યો વિરલ જણાય છે?
જગતમાં સ્વાર્થપણાથી અનેક જીવો પ્રેમી બનેલા જણાય છે, પણ પરમાર્થ બુદ્ધિથી પ્રેમ ધારણ કરનાર તો વિરલ હોય છે.

(૨૯) સાધનાવસ્થામાં શુદ્ધ પ્રેમ કોણે ધારણ કર્યો હતો?
તીર્થંકરોએ.

(૩૦) શુદ્ધ પ્રેમ શી રીતે વધતો જાય?
દરરોજના અભ્યાસથી.

(૩૧) શુદ્ધ પ્રેમને ટકાવી રાખવાનું સાધન શું ?
શ્રદ્ધા.

(૩૨) આત્માનું મોટામાં મોટું બળ કયું ?
શ્રદ્ધા.

(૩૩) કોઈ પણ કાર્યસિદ્ધિનું મુખ્ય કારણ કયું ?
શ્રદ્ધા.

(૩૪) મહાન્ કાર્યો શી રીતે કરી શકાય છે ?
બ્રહ્મચર્યવ્રત પાળીને વીર્યનું સંરક્ષણ કરવાથીજ

(૩૫) સર્વવ્રતોમાં મોટામાં મોટું વ્રત કયું ?
બ્રહ્મચર્યવ્રત.

(૩૬) સમુદ્ર સાથે કયા વ્રતને સરખાવવામાં આવ્યું છે ?
બ્રહ્મચર્યવ્રતને.

(૩૭) નદી સાથે કયા વ્રતોને સરખાવવામાં આવ્યાં છે.
બ્રહ્મચર્ય સિવાયનાં બધાં વ્રતોને.

(૩૮) મનોબળ અને વચનબળ ખીલવવા અર્થે પહેલાં કયા બળની જરૂર છે ?
શરીર બળની.

(૩૯) ચિંતામણિ રત્ન કરતાં વધુ કિંમતી શું છે ?
માનવ શરીર.

(૪૦) કયા દેશના મનુષ્યો સ્વતંત્ર હોય છે ?
જે દેશના મનુષ્યો શરીરે મજબુત અને બળવાન છે તે દેશના મનુષ્યો.

(૪૧) ધારેલું કામ કોણ પાર પાડી શકે છે?
જેઓ શરીરે મજબુત અને બળવાન હોય છે તેઓજ વિચારમાં દૃઢ અને કાર્યમાં આગ્રાહી હોવાથી ધારેલું કામ પાર પાડી શકે છે.

(૪૨) શૂરા અને બળવાન મનુષ્યોની પ્રકૃતિ કેવી હોય છે?
તેમને કોઇની નિંદા કરવાનું ગમતું નથી. તેમનાં મનમાં જે વિચાર થાય છે તે પ્રમાણેજ તેઓ વર્તે છે અને તેઓ ભય કે લજ્જાને ગણતાજ નથી.

(૪૩) શરીરે નિરોગી રહેવા માટે મુખ્ય શું લક્ષ રાખવાનું છે?
નિયમિતપણેજ ખાન પાનનું.

(૪૪) અજ્ઞાન દશાવાળા જીવોએ અગ્યારમો પ્રાણ કોને ગણ્યો છે?
ધનને.

(૪૫) બાહ્ય ધન કયું?
સોનું રૂપું વગેરે.

(૪૬) અંતર્ધન કયું?
જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

(૪૭) બાહ્ય ધન કેવું છે?
ક્ષણિક.

(૪૮) અંતર્ધન કેવું છે?
કદિ નાશ નહિ પામે તેવું.

(૪૯) બાહ્ય ધન કેવું છે?
વિજાતીય.

(૫૦) અંતર્ધન કેવું છે?
સજાતીય.

(૫૧) પરસ્પર વૈર કરાવનાર ધન કયું?
બાહ્ય ધન.

(૫૨) પરસ્પર શાંતિ કરાવનાર ધન કયું?
અંતર્ધન.

(૫૩) ખરૂં જ્ઞાન ક્યારે મળે છે?
ગુરુગમ હોય ત્યારે.

(૫૪) રૂપા અને સોના જેવું શું?
બોલવું તે રૂપું અને કરવું તે સોનું.

(૫૫) મોટું તીર્થ કોને સમજવું?
સત્સમાગમને.

(૫૬) કેવી દશામાં કોઇ વિષયનો નિર્ણય કરી વાળવો નહિ?
ક્રોધવાળી દશામાં.

(૫૭) ઇષ્ટમાં ઇષ્ટ કર્તવ્ય કયું?
આત્મજ્ઞાન સાધવું તે.

(૫૮) જે થવાનું હોય છે તે થાય છે એમ માનીને શું તજવું નહિ?
ઉદ્યમ.

(૫૯) શરીર શાથી વધે છે?
હવા ખોરાક અને નિયમિત કસરતથી.

(૬૦) વલ્લભીપુર (વળા) માં પ્રથમ કેટલાં દેરાસર હતાં?
ત્રણસેં સાઠ.

(૬૧) સાત વ્યસનો કયાં?
માંસ, દારૂ, વેશ્યા, જુગાર, પરસ્ત્રીગમન, ચોરી, શિકાર (પરને પીડાવામાં આનંદ માનનારા)

(૬૨) મહારાજા કુમારપાળ દરેક ધર્મ કાર્ય શા રીતે કરતા હતા?
હેમચંદ્ર ગુરુની સલાહ લઇને.

(૬૩) દયાળુ પુત્રો કયાં પાકે છે?
જે ઘરમાં દયાળુ મા બાપ હોય છે ત્યાં.

(૬૪) નાના બાળકો ઉપર કોની છાપ પડે છે?
મોટા (આદર્શ) માણસોની.

(૬૫) કોઇ સામા લડાઇ કરવાજ આવે ત્યારે તેની સામે લડવું એ કયો માર્ગ છે?
નીતિનો માર્ગ.

(૬૬) પૂર્વે કયા કયા રાજાઓએ અને મંત્રીઓએ લડાઇઓ કરી હતી?
કુમારપાળ, ઉદાયી, કોણિક, ચેડા, ખારવેલ, વસ્તુપાળ તેજપાળ, પાંડવો અને રામ વગેરેએ.

(૬૭) સર્વ પાપોનું મૂળ શું?
દારૂનું સેવન.

(૬૮) કયા મનુષ્યો મન ઉપર કાબુ ધરાવી શકતા નથી?
દારૂ (નશાથી અસ્થિર) બનેલા.

(૬૯) દારૂને વધુ પુષ્ટિ શાથી મળે છે?
દારૂનાં પીઠાંથી.

(૭૦) હિંદુસ્થાનની પડતી કરાવનાર કોણ છે?
દારૂનું સેવન.

(૭૧) દુનિઆમાં મોટો માણુસ કોણ?
આત્માના ગુણો પ્રકટ કરવાનો ઉદ્યમ કરતો હોય તે.

(૭૨) ગૃહસ્થે પોતાની વાર્ષિક ઉપજમાંથી કેટલો ભાગ વિવિધ ધર્મકૃત્યો માટે ખર્ચવો?
છઠ્ઠો ભાગ.

(૭૩) મહાવીર સ્વામીના વખતમાં જૈનોની સંખ્યા કેટલી હતી?
ચાલીશ કરોડની.

(૭૪) જૈન ધર્મ ગ્રહણ કરવા માટે નાત જાતનો ભેદ છે?
નથી.

(૭૫) હરિભદ્રસૂરિ ક્યારે વિદ્યમાન હતા?
વિક્રમ સં. ૫૨૫ લગભગ.

(૭૬) જૈનોનું મુખ્ય કર્તવ્ય શું?
દરેક સારી બાબતમાં વિઘ્નોને જીતીને આગળને આગળ ચાલવું તે.

(૭૮) સાધ્વીઓએ કઈ કઇ ભાષામાં ઉપદેશ દેવો?
અનેક ભાષાઓનો અભ્યાસ કર્યા પછી દરેક ભાષામાં.

(૭૯) ખરો જ્ઞાની જૈન શી રીતે રહે?
જીંદગીના છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી કર્તવ્ય કર્મનો ઉદ્યમ કરતો રહે.

(૮૦) સર્વ ધર્મનાં પુસ્તકોમાંથી શું શું તારવી કાઢવું જોઇએ?
અપેક્ષાએ જે જે સત્ય હોય તે તે.

(૮૧) સર્વ ધર્મનાં પુસ્તકો શી રીતે વાંચવા?
મધ્યસ્થ દૃષ્ટિએ.

(૮૨) દરેક કાર્ય શી રીતે કરવું જોઇએ?
વ્યવસ્થાક્રમના નિશ્ચય પૂર્વક.

(૮૩) આત્મા કેવો છે?
સ્ફટિક રત્નની પેઠે અતિ નિર્મળ.

(૮૪) જગતમાં સારભૂત શું છે?
સહજ આત્મસુખ મેળવવા પ્રયત્ન કરવો તે.

(૮૫) ભગવતી સૂત્રના પચીશમાં શતકમાં કોની ચર્ચા છે?
સાધુ સંબંધી.

(૮૬) બાહ્ય મોટાઈ કોને રૂચતી નથી?
આત્માર્થી જનોને.

(૮૭) આત્માર્થીઓ આત્મધ્યાનમાં પસાર કરેલા દિવસને કેવો ગણે છે?
મહોત્સવ સરખો.

(૮૮) આત્મસત્તા શી રીતે વિકાસ પામે છે?
જેમ જેમ આત્માનાં સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતા થતી જાય છે તેમ તેમ.

(૮૯) આત્મજ્ઞાનીઓ શી રીતે વર્તે?
જિનાજ્ઞાને અનુસારે.

(૯૦) આત્મજ્ઞાનીઓ શી રીતે પોતાનું હિત કરે?
વ્યવહાર અને નિશ્ચય માર્ગમાં રહીને સ્વહિત કરે

(૯૧) મુનિ અને શ્રાવકનું અંતર ક્યા સૂત્રમાં કહ્યું છે?
ઉત્તરાધ્યયન સૂત્રમાં.

(૯૨) આત્માના ત્રણ ભેદ કયા?
બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.

(૯૩) બહિરાત્મા શેમાં સુખ માને છે?
બહારની વસ્તુઓમાં.

(૯૪) બહિરાત્મા શાથી દુઃખી થાય છે?
બહારની વસ્તુઓના નાશથી.

(૯૫) સમભાવ કયારે પ્રકટ થાય?
જ્યારે મિથ્યાત્વ ભાવ દૂર થાય ત્યારે.

(૯૬) આત્મા શાથી શરીર ધારણ કરે છે?
કર્મના સંયોગથી.

(૯૭) શાથી તત્ત્વ પામી શકાય નહિ?
કદાગ્રહથી.

(૯૮) શરીરથી આત્મતત્ત્વને કોણ જુદું પાડે છે?
તત્ત્વવેત્તાઓ.

(૯૯) પશુ અવસ્થા કયાં સુધી જાણવી?
જ્યાંસુધી બહિરાત્મ ભાવ છે ત્યાં સુધી.

(૧૦૦) વંદક અને નિંદક ઉપર સમદષ્ટિવાળા કોણ હોય છે?
અંતરાત્મ દષ્ટિવાળા.

(૧૦૧) સદ્‌ગુરુને કલ્પવૃક્ષ સમાન કોણ ગણે છે?
અંતરાત્મદષ્ટિવાળા.

(૧૦૨) અંતરાત્મ દષ્ટિવાળા કયું ધન શોધે છે?
અંદરનું.

(૧૦૩) કોનો જન્મ નિરર્થક સમજવો?
સંસારમાં જન્મીને જેણે આત્મા ઉપર લક્ષ આપ્યું નથી તેનો.

(૧૦૪) ગર્ભમાં રહેલા શરીરને હાથ, પગ અને મુખ કેટલામે મહીને તૈયાર થાય છે?
પાંચમે મહીને.

(૧૦૫) ગર્ભમાં રહેલા જીવનું શરીર કેટલામે મહીને પૂરૂં તૈયાર થાય છે?
આઠમે મહીને.

(૧૦૬) સંસારમાં જીવો સુખી અગર દુઃખી શા કારણથી થાય છે?
કર્મનાં કારણે.

(૧૦૭) અજ્ઞાન ટાળવા માટે શું કરવું?
વારંવાર જ્ઞાનાભ્યાસ.

(૧૦૮) ખરૂં સુખ કોને છે?
જેઓ આત્મ સ્વરૂપમાં રમતા હોય છે તેમને.

સમાપ્ત.

શ્રી મહાવીર પ્રિન્ટિંગ વર્ક્સ,
ધનજી સ્ટ્રીટ,
મુંબઈ નં. ૩.